
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, આ કાદવમાં ઉગતું કમળ નથી, આ તો વિદેશથી લાવેલું અને પેટ્રોલમાં ખીલતું કમળ છે.

# જીએસઈસીએલની ભરતીમાં ડિ ટુ ડિ થયેલાઓને અન્યાય

### વિદ્યુત સહાયકની ભરતી જાહેરાતમાં ડિગ્રી ધારકોને અરજી કરવા ઉપર રોક, એમ.ડી.ને ડિ ટુ ડિ ધારકોએ મેઈલ કરી તક આપવા વિનંતી કરી

ગાંધીનગર, તા. ૩૦

રાજયમાં પ્રતિવર્ષ એન્જીનીયરીંગ ક્ષેત્રે અનેક વિદ્યાર્થીઓનો ઉમેરો થતો જાય છે અને ઉચ્ચ પદવી ધારણ કર્યા પછી પણ નોકરીથી વંચિત થતા જાય છે. જેમાં ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. દ્વારા મંગળવારના રોજ વિદ્યુત સહાયકની ભરતી માટે જાહેરાત કરાઈ છે. આ જાહેરાતમાં ફક્ત ડિપ્લોમાં ધારક જ ભાગ લઈ શકશે તેવુ નિર્ધારીત કરાયુ છે. જેથી ડિપ્લોમાંથી ડિગ્રી કરેલા અસંખ્ય બેકાર યુવાનોમાં નિરાશા વ્યાપી છે. વધુમાં ડિપ્લોમાં કર્યુ હોવા છતાં ડિગ્રીની પદવી હોવાથી આ સ્થિતિ સર્જાતા ડિ ટુ ડી ધારકોએ કોર્પોરેશનના મેનેજીંગ ડિરેક્ટરને ઈમેઈલ કરી ડિ ટુ ડી ધારકોને તક આપવા વિનંતી કરી છે.

રાજયની ટેકનીકલ યુનિવર્સિટી ડિપ્લોમાં ધારકોને સિદી ડિગ્રીમાં પ્રવેશ આપી ઉચ્ચ પદવી એનાયત કરે છે તો બીજી તરફ રાજયનું જ જીએસઈસીએલ આવા પદવી ધારકોને તક આપવા માંગતી ન હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે. પ્રતિ વર્ષ અસંખ્ય એન્જીનીયરર્સ પદવી લઈ બહાર પડે છે પરંતુ ખાનગી કે સરકારી ક્ષેત્રમાં નોકરીની તક મળતી નથી ત્યારે આવા બેકાર યુવાનોને આશાનું કિરણ બનેલી ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.એ ભરીની જાહેરાત કરી છે જેમાં વિદ્યુત સહાયક (પ્લાન્ટ એટેડન્ટ) ગ્રેડ-૧ માટે મીકેનીકલ તથા ઈલેક્ટ્રીકલ ડિપ્લોમાં એન્જીનીયરની જ લાયકાતની માંગણી કરાઈ છે અને તેમાં ડિપ્લોમાં ધારકે ઉચ્ચ પદવી પ્રાપ્ત નથી કરી તેવુ સોગંદનામુ પણ રજુ કરવાની તંત્રએ માંગ કરી છે.

જેથી ડિપ્લોમાં કરીને ડિગ્રી મેળવેલ અસંખ્ય ઉમેદવારો આ ભરતીમાં ભાગ લઈ ન શકે તેવી સ્થિતિનુ નિર્માણ થયું છે અને ડિ ટુ ડી ધારકોમાં અન્યાય થયો હોય તેવી લાગણી પ્રવર્તી છે. જે માટે કેટલાક ઉચ્ચ પદવલી ધારકોએ કોર્પોરેશનના એમ.ડી.ને મેઈલ કરીને સુધારો કરવા વિનંતી કરી છે. વધુમાં આ મેઈલમાં ધારકોએ જણાવ્યુ છે કે અમો ભવિષ્યમાં જુનીયર એન્જીનીયરના હોદ્દાનો દાવો નહી કરીએ જેથી એક તક આપવા વિનંતી કરાઈ છે. કોર્પોરેશનની આ જાહેરાત મારફત ડિપ્લોમાં ધારકોને જ અરજી કરવાની છુટ અપાતા ભારે હોબાળો મચ્યો છે અને બેકાર યુવાનો સાથે મજાક થતી હોય તેવુ પણ ચર્ચાઈ રહ્યુ છે. જો કે ડી ટુ ડી ધારકોએ આ અંગે ઉર્જા મંત્રીને મળી આવેદનપત્ર આપવા તૈયારીઓ આરંભી દીધી છે અને એન્જીનીયર યુવાનોનો સમાવેશ કરવા માંગ કરવાના છે.

# ધો.૧૨ના પરિણામના એક દિવસ પહેલાં વિદ્યાર્થીનો આપઘાત

### અડાલજના વિદ્યાર્થીએ નાપાસ થવાના ડરથી ઝુંડાલ નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું

ગાંધીનગર, તા.૩૦

અડાલજ ખાતે એક સામાન્ય પરિવારમાંથી આવતો ધોરણ-૧૨નો વિદ્યાર્થી પરિણામની વાતને લઈને ખુબ જ ડીપ્રેશનમાં હતો. આવતી કાલે ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ છે ત્યારે એક દિવસ પહેલા જ નાપાસ થવાના ડરથી વિદ્યાર્થીએ આપઘાત કરી લીધો હોવાનું ધ્યાને આવ્યું છે. અડાલજ પોલીસે ઝુંડાલ કેનાલમાં આપઘાત કરી લેનાર વિદ્યાર્થીનો મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

અડાલજમાં વાળંદની દુકાન ચલાવતા મનોજભાઈ પારેખના ૧૮ વર્ષના દિકરા જય પારેખે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી.

આવતી કાલે ૩૧મે એ ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થવાનું છે ત્યારે જય પારેખ આ બાબતને લઈને ખુબ હતાશ હતો. ગઈ કાલે દુકાનેથી જય પારેખ એકટીવા લઈને કયાંક ચાલ્યો ગયો હતો. અને મોડી સાંજે તે એકટીવા ઝુંડાલ કેનાલ પાસેથી મળી આવતા કેનાલમાં શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન આજે સવારે જય પારેખનો કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા બહાર આવ્યું છે કે જય પારેખ પરીક્ષાના પરિણામની બાબતે ડિપ્રેશનમાં હતો અને નાપાસ થવાના ડરથી પરિણામના એક દિવસ પહેલા જ આ પગલું ભરી લીધું છે. અડાલજ પોલીસે મૃતદેહ પીએમ કરાવી પરિવારજનોને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચંદ્રાલામાં સગીરા ગૂમ થઈ ને દોષથી પાડોશીએ જીવ ખોયો

### ગૂમ થયેલી દીકરી પરત આવી તો ખબર પડી કે એને સાસરે જવું નહોતું એટલે બહેનપણીને ઘરે જતી રહી હતી : પિતા સહીત છ સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીકના ચંદ્રાલા ગામે સગીરવયની કિશોરી ગુમ થતા સગીરાના પરીવારજનોએ પડોશમાં રહેતા યુવાન પર શંકા વ્યક્ત કરી તુજ ભગાડી ગયો છે તેમ કહી ચિલોડા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. વારંવાર સગીરાના કુટુંબીજનોના ત્રાસથી તથા પોલીસના જવાબો અને નિવેદનથી કંટાળી ઘરથી નજીક જામફળની વાડીમાં જઈ આ યુવાને ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેથી તેનુ કરૂણ મોત થયુ હતુ. જયારે ગતરોજ સગીરાએ ઘરે આવી અને કહ્યુ કે હુ તો મારી બેનપણીના ઘરે ગઈ હતી. પોલીસે મૃતક યુવાનના ભાઈની ફરિયાદને આધારે આત્મહત્યાનું દુષ્પ્રેરણા બદલ કિશોરીના પરિવારના છ સભ્યો વિરૂદ્ધ ગુન્હો નોંધી ચિલોડા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાની વિગત એવી છે કે ગાંધીનગર નજીક ચંદ્રાલા ગામે દશરથજી મકવાણાની દિકરીના પડોશમાં રહેતા યુવાન જગદીશ સાથે પ્રેમસંબંધની શંકાને આધારે બન્ને પરિવાર વચ્ચે ૧૦-૧૧ માસ અગાઉ માથાકૂટ થઈ હતી. દરમિયાન ગત ૧૩મીએ દશરથજીની દીકરી ઘરમાં કોઈને કહ્યા વગર ગુમ થઈ ગઈ હતી. સગીરા ગુમ થતા પરિવારજનોએ પડોશમાં રહેતા જગદીશ પર શંકા વ્યક્ત કરી તેના ઘરે જઈ મોટો ઝઘડો કર્યો હતો અને તુજ અમારી દીકરીને ભગાડી ગયો છે. બે દિવસમાં ગમે ત્યાંથી પાછી લાવી દે નહીતર તારા ટુકડા કરી નાંખીશુ તેવી ધમકીઓ આપી જતા રહ્યા હતા. બાદમાં આ સમગ્ર મામલે ગુમ સગીરાના પરિવારજનોએ ચિલોડા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુમ સગીરાના કેસ જગદીશને નિવેદનો અને જવાબ માટે વારંવાર પોલીસમથકમાં બોલાવવામાં આવતો હતો. આથી કંટાળી જગદીશે ગત ૨૩મી મે ના રોજ ઘરથી નજીક જામફળની વાડીમાં જઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી અને તેનુ મોત નિપજ્યુ હતુ. આ મામલે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. અચાનક જ ગતરોજ સગીરા ઘરે આવી અને કહ્યુ કે હુ તો મારી બહેનપણીના ઘરે ગઈ હતી. સગીરાની આ વાત સાંભળી પરિવારજનો અને મૃતક યુવાનના પરિવારજનો અચંબામાં મુકાઈ ગયા હતા. હકીકતમાં યુવાન આ સગીરાને લઈ ગયો હતો જ નહી તેવી જાણ મૃતકના ભાઈ સંજય મકવાણાને થતા તેને આત્મહત્યાનું દુષ્પ્રેરણા બદલ કિશોરીના પરિવારના છ સભ્યો દશરથજી ચંદુજી મકવાણા, છનાજી લક્ષ્મણજી મકવાણા, સોમાજી ચંદુજી મકવાણા, કાનાજી ખોડાજી મકવાણા, વિક્રમ વિનુભાઈ મકવાણા અને કાંતિ બાદર ગોહિલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. સગીરાના પરિવારજનોએ તેને પરણાવી દિધી હતી ત્યાં સાસરેથી ૧૩ મે પહેલા તેને તેડવા માટે સાસરીવાળા આવવાના હતા આથી સારરીમાં ન જવા માટે સગીરા તેની બહેનપણીના ઘરે કોઈપણને કહ્યા વગર ગઈ હતી તેવુ પોલીસ સમાક્ષ નિવેદન આપ્યુ હતુ. આ સમગ્ર મામલે ચિલોડા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


HDFC

**હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ.**

એચડીએફસી હાઉસ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ.
ફોન. : (૦૭૯) ૬૬૩૦૭૦૦૦

**ફીઝીકલ પઝેશન નોટિસ**

**હાઉસિંગ ડેવલેપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ**ના અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

| અનુ. નં. | બોરોઅર/કાયદેસરના વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું નામ | કુલ બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | પઝેશન ફીઝિકલ તારીખ | સ્થાવર પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ્(સ)નું વર્ણન |
|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) |
| ૧ | શ્રીમતી લતાબેન કાન્તીલાલ સોલંકી ના (અવસાન પામેલ છે)પતી/પુત્ર/પુત્રી (બોરોઅર) **લોન એકાઉન્ટ નં. ૬૦૧૭૦૫૯૧** | રૂ. ૧૦,૦૫,૩૩૪/- તા. ૩૧-૧૨-૨૦૧૭ ના રોજ* | ૧૨-૦૨-૧૮ | ૨૯-૦૫-૧૮ (ફીઝિકલ) | ફ્લેટ નં.ડી-૨૦૪, બીજો માળ, પ્રિન્સ રેસિડેન્સી, રે.સ. નં.૨૧૫/૩, કાનન રેસિડેન્સી પાસે, નાના ચિલોડા. |
| ૨ | શ્રી દીપકભાઈ ખુમાજી બારોટ (બોરોઅર) શ્રીમતી દેવીકા દીપકભાઈ બારોટ (કો-બોરોઅર) **લોન એકાઉન્ટ નં. ૬૧૫૨૭૭૦૧૦** | રૂ. ૧૪,૧૭,૬૦૧/- તા. ૩૧-૧૨-૨૦૧૭ ના રોજ* | ૧૨-૦૨-૧૮ | ૨૯-૦૫-૧૮ (ફીઝિકલ) | ફ્લેટ નં.I-૨૦૧, બીજો માળ, બ્લુ બેલ્સ એક્ઝોટીકા, પ્લોટ ટીપીએસ-૧૩, એફપી-૮૫, રે.સ. નં.૨૭૧, વાવોલ, ગાંધીનગર-૩૮૨૦૪૩. |

★ લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી**ના અધિકૃત અધિકારી દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **ફીઝિકલ કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

**સહી/-**

**તારીખ : ૩૦-૦૫-૨૦૧૮**
**સ્થળ : અમદાવાદ.**

**વતી હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ.**
**અધિકૃત અધિકારી**

**રજી. ઓફિસ : રેમન હાઉસ, એચ.ટી. પારેખ માર્ગ, ૧૬૯, બેકબે રેકલમેશન, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.**
Corporate Identity Number : CIN : L70100MH977PLC019916. E-mail : customercare@hdfc.com, Website : www.hdfc.com



